અપીલ અરજી નં.૧૪૨/૦૮–૦૯ તા. ૨૨–૮–૦૮

અરજદાર: શ્રી નકદ ઈલિયાસ લાલભાઈ
સામાવાળા:આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

***હુકમ:–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નકદ ઈલિયાસ લાલભાઈ ની તા.૨૫–૭–૦૮ ની અરજીથી વોર્ડ નં.૧/૪૧૦૦ વાળી મિલકતમાં ભોંયતળીયે ચાલતા પ્લાસ્ટીકની થેલીઓ ઓગળાવી પ્લાસ્ટીકના દાણા બનાવવાની ફેકટરી ચાલે છે મુદ્દા નં.૧ થી ૬ બાબત.
***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૨–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૪૨/૨૦૦૮–૦૯

શ્રી નકદ ઈલિયાસ લાલભાઈ ની તા.૨૫–૭–૦૮ ની અરજીથી વોર્ડ નં.૧/૪૧૦૦ વાળી મિલકતમાં ભોંયતળીયે ચાલતા પ્લાસ્ટીકની થેલીઓ ઓગળાવી પ્લાસ્ટીકના દાણા બનાવવાની ફેકટરી ચાલે છે મુદ્દા નં.૧ થી ૬ બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સેઝોન/આ.૫૫૮ તા.૧૩–૮–૦૮ થી આપેલ માહિતીમાં ખોટા ગેરમાર્ગે દોરનારા જવાબો આપેલ છે. તેવું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૯૨ તા.૪–૯–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આરટીઆઈ/સે.ઝોન/જા.નં.૬૯૧ તા.૧૬–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારને તેમની મુળ અરજીમાં માંગ્યા મુજબના મુદ્દા નં.૧ થી ૫ અંગે ઉપલબ્ધ રેકર્ડ આધારીત આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી તરફથી જવાબ પાઠવવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં પ્લાસ્ટીકના દાણા બનાવવાનું કારખાનું ચાલે છે તેવી રજુઆત અંગે જવાબમાં સ્થિતિ સ્પષ્ટતા સહિત ભોંયતળિયે નહીં પરંતુ ભોંયરામાં ફેકટરી આવેલ છે તેવું જણાવેલ છે તથા તે અંગે ગુમાસ્તાધારા લાયસન્સની નકલ પણ રજુ કરેલ છે. મુદ્દા નં.૩ માં અરજદારને પૂરી પાડેલ માહિતીનો પૂરક પ્રશ્ન રજુ કરેલ છે મુદ્દા નં.૫ માં પણ માંગેલ માહિતીના જવાબ પાઠવવામાં આવેલ છે. મુદ્દા નં.૨ અને ૪ મંજુર પ્લાનની ફાઈલ ઉપલબ્ધ નથી તેવી રેકર્ડ આધારીત માહિતી આપેલ છે. જયારે મુદ્દા નં.૬ અંગે કોઈ માહિતી આપેલ જણાતી નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૫–૭–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ આધારીત પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારને મુદ્દા નં.૨ અને ૪ માં મંજુર પ્લાનની ફાઈલ ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જયારે મુદ્દા ન.૬ પર્યાવરણ તેમજ અન્ય જરૂરી લાયસન્સ અંગે કોઈ માહિતી આપેલ નથી. જે ધ્યાને લઈ દિન–૭ માં અરજદારને ફાઈલનું ઈન્સ્પેકશન પુરું પાડી માંગણી કરવામાં આવે તેવી નકલો આરટીઆઈ કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન.... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નકદ ઈલિયાસ લાલભાઈ,